નવજીવન મોટર્સમાંથી ગાડી ખરીદી પેટે આપેલા ચેકો રિટર્ન સજા

સુરતઃ શહેરની નવજીવન મોટર્સમાંથી ગાડી ખરીદી તેને પેટે આપેલાં ચેકો રિટર્ન થતાં બે આરોપી વિરુદ્ધ ચેક રિટર્ન કેસની બે ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી એક-એક વર્ષની સજા અને કુલ્લે રૂા.૨૩,૨૫,૯૧૬ ચુકવવાનો હુકમ કર્યો હતો. આ અંગે મળતી માહિતી અનુસાર નવજીવન મોટર્સ પ્રાઇવેટ લિમીટેડનાં અધિકૃત કૌશિક જરીવાલાએ કરેલી ફરિયાદ મુજબ આરોપી ફારૂક મોહંમદ મહીડા તથા જાવીદ ઉમેદભાઈ મહીડાએ હુન્ડાઈ કંપનીની ગાડીઓ વેચાણથી લીધી હતી અને પેમેન્ટમા બે ચેક આપ્યાં હતાં. જે ચેક રિટર્ન થતાં કંપનીએ વકીલ વત્સલ રેશમવાલા, વરૂણ પટેલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે બંને આરોપીને એક-એક વર્ષની સજા ફટકારી હતી.

કાગવડની જેમ જ સુરતમાં પણ બનાવાશે 'ખોડલધામ'

અંત્રોલીમાં 40 વીંઘા જગ્યાની ખરીદી કરી લેવાઈ, આસો નવરાત્રિમાં ભૂમિપૂજન કરાશે

સુરતઃ સુરત અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વસતા લેઉવા પટેલ સમાજ માટે આસ્થા અને ગૌરવના સમાચાર સામે આવ્યા છે. સૌરાષ્ટ્રના કાગવડ બાદ હવે ડાયમંડ સિટી સુરતમાં પણ માં ખોડલનું ભવ્ય મંદિર અને વિશાળ સેવા સંકુલ નિર્માણ પામશે. સુરત ખાતે યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે આ પ્રોજેક્ટની વિધિવત જાહેરાત કરતા પાટીદાર સમાજના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુરતમાં વસતા લાખો લેઉવા પાટીદારોની વર્ષો જૂની માંગ હતી કે સુરત ખાતે એક ખોડલધામ સંકુલ હોય, જેથી સ્થાનિક લોકોને સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સરળતા રહે. આ લાગણીને માન આપી ટ્રસ્ટ દ્વારા સુરતના અંત્રોલી વિસ્તારમાં ભવ્ય સંકુલ બનાવવાનું નક્કી કરાયું છે. ટ્રસ્ટ દ્વારા પ્રોજેક્ટ માટે 40 વીઘા કરતાં વધુ જમીન ખરીદી લેવામાં આવી છે.

નરેશ પટેલે જણાવ્યું હતું કે, આગામી આસો નવરાત્રિની આસપાસ પવિત્ર ભૂમિ પર વિધિવત ભૂમિપૂજન કરવામાં આવશે. નવરાત્રિ પૂર્ણ થયા બાદ સંકુલના બાંધકામની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવશે. સુરતનું આ નવું ખોડલધામ સંકુલ માત્ર ધાર્મિક કેન્દ્ર પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ તે સામાજિક ચેતના અને લોકસેવા નું મુખ્ય મથક બનશે. કાગવડ ખોડલધામ દ્વારા જે રીતે સામાજિક કલ્યાણના કાર્યો કરવામાં આવે છે, તે જ મોડેલ અહીં સુરતમાં પણ અમલી બનાવવામાં આવશે. પાટીદાર સમાજના સંતાનોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે આધુનિક શૈક્ષણિક ભવન બનાવવામાં આવશે. સંકુલમાં આધુનિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલની વ્યવસ્થા ઊભી કરાશે. સમાજમાં આંતરિક વિવાદો અને પ્રશ્નોના શાંતિપૂર્ણ નિકાલ માટે અહીં 'સમાધાન પંચ'ની ખાસ વ્યવસ્થા કરવામાં આવશે.

વિવિધ સરકારી પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે તાલીમ કેન્દ્રો અને સામાજિક સશક્તિકરણની પ્રવૃત્તિઓ ચલાવાશે.સુરત એ લેઉવા પાટીદારોનું મુખ્ય આર્થિક કેન્દ્ર છે. અહીં લાખોની સંખ્યામાં સૌરાષ્ટ્રવાસીઓ વસે છે. નરેશ પટેલે જણાવ્યું હતું કે, સુરતમાં ખોડલધામ બનવાથી દક્ષિણ ગુજરાતના લોકોએ છેક કાગવડ સુધી લંબાવું નહીં પડે.

ઓપેરેશન બાદ પણ પીડા ઓછી નહીં થતા ડિંડોલીના વૃદ્ધે ઝેર પીધું

સુરતઃ ઓપેરેશન બાદ પણ પીડા ઓછી નહીં થતા ડિંડોલીના વૃદ્ધે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની યુવરાજ પોપટભાઈ પાટીલ (76 વર્ષ) હાલ નવાગામ ડિંડોલી ખાતે આવેલા જીગ્નાશા નગરમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન જીવતા હતા. તેમજ તેમનો પુત્ર કિશોર એમ્બ્રોડરીના ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

યુવરાજને વોશરૂમ કરતી વખતે તકલીફ થતી હતી. જેથી મહિના પહેલા નવી સિવિલ હોસ્પિટલ ખાતે તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પણ તેમણે કુદરતી હાજત કરતી વખતે બળતરા થતી હતી. જે પીડાથી કંટાળીને યુવરાજે સોમવારે મધરાત્રે ઘરમાં ઝેર પી લીધું હતું.

10 બેંકની બ્રાન્ચની રેકી કરી, ચૂંટણીનો સમય પસંદ કર્યો

બે આરોપીનો ટ્રાન્ઝિટ રિમાન્ડથી કબજો લેવાયો

સુરત : સુરતના વરાછામાં આવેલી SBI બેંકમાં 27 એપ્રિલ, 2026ના રોજ થયેલી 50 લાખની લૂંટમાં નવો ખુલાસો થયો છે. આ લૂંટના તાર બિહારની જેલ સાથે જોડાયા છે. આ લૂંટનો માસ્ટરમાઇન્ડ કુંદન કુમાર ઉર્ફે કુંદન ભગત હાલ બિહારની આદર્શ સેન્ટ્રલ જેલ બેઉર (પટના)માં બંધ છે. જેલમાં હોવા છતાં તેણે પોતાની ગેંગના સભ્યો સાથે સંપર્ક જાળવી રાખી સુરતની બેંકને ટાર્ગેટ બનાવી હતી.

કુંદન ભગત અગાઉ દેહરાદૂનમાં 12 કરોડની રિલાયન્સ જ્વેલરી લૂંટમાં પણ સંડોવાયેલો હતો. કાયમ બ્રાન્ચ બે દિવસ પહેલા ઝડપાયેલા કુખ્યાત કુંદન ભગત ગેંગના બે સાગરીત એવા શુભમ અને વિકાસને UPથી સુરત લાવી છે.કુંદન જેલમાં હોવા છતાં એક ખાસ એપના માધ્યમથી તે લૂંટારુઓને સૂચનાઓ આપતો હતો. લૂંટારુઓએ સુરતની અંદાજે 10 બેંક શાખાઓની રેકી કરી હતી, જેમાં વરાછાની SBI શાખા પસંદ કરી. તેનું કારણ એ હતું કે ત્યાં મેટ્રો કન્સ્ટ્રક્શનના કારણે ટ્રાફિક ઓછો રહેતો હતો. લૂંટ માટે સુરત મનપાની ચૂંટણીનો સમય પસંદ કરવામાં આવ્યો હતો. ચૂંટણીના બીજા દિવસે જ્યારે પોલીસ ફોર્સ ફિલ્ડ પર ઓછી હોય, તે જ દિવસે લૂંટને અંજામ આપી તેઓ ભાગી છૂટ્યા હતા.

એકબીજાથી અજાણ લુંટારુઓ, એક વ્યક્તિનાં 5-5 ઉપનામ

આ લૂંટમાં સામેલ લૂંટારુઓ એકબીજાને ઓળખતા નહોતા. તેમની ઓળખ છુપાવવા માટે દરેકને 4 થી 5 અલગ-અલગ ઉપનામો આપવામાં આવ્યા હતા. સુરતના એક શખ્સને તેમને લેવા-મૂકવાની જવાબદારી સોંપાઈ હતી. ઓળખ માટે રિસીવરને લૂંટારુનો આખો ફોટો આપવાને બદલે માત્ર તેના માથાના નીચેના ભાગની તસવીર મોકલવામાં આવતી હતી, જેના આધારે તેમને રિસીવ કરવામાં આવતા હતા.

મધ્યપ્રદેશના બોગસ દસ્તાવેજો અને નકલી આઈડીનો ખેલ

કાયમ બ્રાન્ચની તપાસમાં બહાર આવ્યું છે કે તમામ આરોપીઓના ઓળખ કાર્ડ મધ્યપ્રદેશમાંથી બનાવવામાં આવ્યા હતા. આ બોગસ દસ્તાવેજોમાં માત્ર તસવીર જ સાચી હતી, બાકી નામ, સરનામું અને નંબર બધું જ નકલી હતું. આ તમામ આરોપીઓના ડોક્યુમેન્ટ્સ એક જ જગ્યાએથી તૈયાર કરવામાં આવ્યા હતા.

લૂંટના 45 મિનિટ પહેલા ગ્રાહક બનીને બેંકમાં ઘૂસ્યા, સ્ટાફના ફોટો પાડ્યા

લૂંટના દિવસે લૂંટારુઓ 45 મિનિટ વહેલા બેંકમાં પહોંચી ગયા હતા. તેઓએ ગ્રાહક હોવાનો ઢોંગ કર્યો અને અંદર બેઠેલા તમામ કર્મચારીઓની તસવીરો લીધી હતી. કોણ ક્યાં બેસે છે તેનું નિરીક્ષણ કર્યું. આશ્ચર્યની વાત એ છે કે, જેમના ફોન ચાલુ નહોતા તેઓ પણ ફોન પર વાત કરવાનો દેખાવ કરીને બેંકની અંદર રેકી કરી રહ્યા હતા.

એક લુંટારુ કૃષિ વિભાગનો કર્મચારી, ચપ્પલનો પણ વેપાર

શુભમ સિંહની એકે 47ના કેસમાં NIAએ ધરપકડ કરી હતી

યુપી પોલીસે જણાવ્યું હતું કે, સુરતની સ્ટેટ બેંકની વરાછા શાખામાં 50 લાખ રૂપિયાની લૂંટના આરોપી અને પરસપુરના લચ્છન પુરવા ડેહરાસના રહેવાસી વિકાસ સિંહની ધરપકડ કરી હતી.

પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું કે, તે રાયબરેલીમાં કૃષિ વિભાગમાં કોન્ટ્રાક્ટ કર્મચારી છે અને ત્યાં રતાપુર નગર પાલિકા કોલોનીમાં રહીને બુટ-ચપ્પલની દુકાન ચલાવે છે. આ જ કોલોનીમાં બિહારના સેમરા નિઝામતપુરનો રહેવાસી શુભમ સિંહ ભાડે રહેતો હતો, જેની દુકાન પણ વિકાસની દુકાનની બાજુમાં જ હતી. સોમવારે ટીમ બંનેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર લઈને ગુજરાત રવાના થઈ ગઈ હતી.

અગાઉ કુંદન કુમાર ઉર્ફે કુંદન ભગત વિરુદ્ધ NIA કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલી આ પૂરક ચાર્જશીટમાં કુંદનને IPC, આર્મ્સ એક્ટ અને UA(P) એક્ટની વિવિધ કલમો હેઠળ આરોપી બનાવવામાં આવ્યો છે. આ કેસમાં ચાર્જશીટ મેળવનાર તે છઠ્ઠો આરોપી છે. આ સમગ્ર મામલો બિહાર પોલીસ દ્વારા એક AK-47 રાઇફલ અને લેન્સ મળી આવ્યા બાદ પ્રકાશમાં આવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે કુંદન કુમારની નવેમ્બર-2025માં NIA દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તે નાગાલેન્ડથી પ્રતિબંધિત બોરનાં હથિયારોની ગેરકાયદે ખરીદી અને તસ્કરીમાં સક્રિયપણે સામેલ હતો. આ હથિયારો નક્સલવાદીઓ અને બિહારના અન્ય ગુનેગારોને સપ્લાય કરવામાં આવતાં હતાં, જે કુંદન કુમાર અને અન્ય આરોપીઓના કાવતરાનો એક ભાગ હતો.

સિટીલાઈટના હીરા દલાલના ઘરમાં તસ્કરોએ કર્યો હાથફેરો

પુત્રવધૂના સીમંત પ્રસંગે તૈયાર કરવા આવેલી બ્યુટી પાર્લરવાળીએ જ ૬.૭૫ લાખનો સોનાનો સેટ ચોર્યો

સુરત : પોશ ગણાતા સીટીલાઈટ વિસ્તારમાં પુત્રવધુના શ્રીમંત પ્રસંગમાં સાસુને તૈયાર કરવા માટે ઘરે બોલાવવામાં આવેલી જાણીતી બ્યુટીશિયને મોકો મળતા જ લાખોની કિંમતના સોનાના દાગીના પર હાથફેરો કર્યો હોવાની ચોંકાવનારી ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.

સીટીલાઈટના રત્ના એપાર્ટમેન્ટમાં રહેતા રીટાબેન પરેશભાઈ પટેલના પુત્રવધુના શ્રીમંતનો પ્રસંગ પાલની ઓરન હોટેલ ખાતે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગ માટે રીટાબેને સ્નેહલબેન ચંદ્રેશ ત્રિવેદી નામની બ્યુટીશિયનને ઘરે તૈયાર થવા માટે બોલાવી હતી. રીટાબેને કબાટમાંથી એક ડાયમંડ સેટ અને ત્રણ સોનાના સેટ કાઢીને બેડ પર મૂક્યા હતા. બાકીના સોનાના સેટ બેડ પર જ પડ્યા હતા. આ દરમિયાન રીટાબેન થોડીવાર માટે વોશરૂમમાં ગયા હતા. બસ, આ પાંચ-દસ મિનિટનો સમય આરોપી સ્નેહલ માટે પૂરતો હતો. રીટાબેન પરત આવ્યા ત્યારે સ્નેહલે ઉતાવળ કરવા માંડી હતી. નવાઈની વાત એ છે કે, નક્કી કરેલા ૨૫૦૦ રૂપિયાના બદલે સ્નેહલે ૧૫૦૦ રૂપિયા જ લીધા હતા અને મારે દીકરાના સ્કૂલ ફંક્શનમાં જવાનું મોડું થાય છે તેમ કહીને ત્યાંથી રફુચક્કર થઈ ગઈ હતી. પ્રસંગ પતાવીને બીજા દિવસે જ્યારે રીટાબેને દાગીના લોકરમાં મૂકવા માટે ડ્રોઅરમાંથી કાઢ્યા, ત્યારે તેમના હોશ ઉડી ગયા હતા. ડ્રોઅરમાં એક ડાયમંડ સેટ અને માત્ર બે જ સોનાના સેટ હતા. ૪.૫ તોલાની સોનાની કાનની બુટ્ટી અને હારવાળો અસલ સોનાનો સેટ ગાયબ હતો. આ દાગીના (આશરે ૬.૭૫ લાખ રૂપિયા) સસરાએ ભેટમાં આપ્યા હતા. ઘરમાં અન્ય કોઈની અવરજવર ન હોવાથી અને સ્નેહલની શંકાસ્પદ ઉતાવળને પગલે રીટાબેને તેની સામે શંકાની સોય તાકી છે.

સુરત મનપાના કર્મચારીઓ માટે નવી SOP જાહેર

સુરતઃ સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ફરજચૂક, બેદરકારી કે ગેરરીતિઓ સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે મનપા કમિશનર દ્વારા નવી કાર્યપ્રણાલી (SOP) અમલમાં મૂકવામાં આવી છે.

આ નિયમો મુજબ, જો કોઈ કર્મચારી પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહે, પ્રમાણિકતાનો અભાવ દાખવે કે વહીવટી ફાઈલોમાં ગેરરીતિ કરે, તો તેની સામે તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવશે. શરૂઆતમાં કર્મચારી પાસેથી 1 થી 3 દિવસમાં લેખિત ખુલાસો માંગવામાં આવશે. જો જવાબ સંતોષકારક નહીં હોય, તો 7 દિવસની મર્યાદામાં મેમો અને ત્યારબાદ 15 દિવસની મુદત સાથે કારણદર્શક નોટિસ આપી રૂબરૂ સુનાવણી હાથ ધરવામાં આવશે. એસીબી કે પોલીસ કેસ જેવા ગંભીર કિસ્સાઓમાં સીધી ચાર્જશીટ આપી કાર્યવાહી કરવામાં આવશે.

ગંભીર પ્રકારની ગેરરીતિઓના કિસ્સામાં ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવશે, તપાસના અંતે જો કર્મચારી કસૂરવાર ઠરે, તો તેને નોકરીમાંથી દૂર કરવા, ફરજિયાત નિવૃત્તિ કે આર્થિક નુકસાનની વસૂલાત જેવી મોટી શિક્ષાઓ પણ કરાશે. મોટી શિક્ષા કરતા પહેલા મ્યુનિસિપલ કમિશનરની પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય રહેશે. નિવૃત્ત થયેલા કર્મચારીઓ સામે પણ વયનિવૃત્તિના 4 વર્ષ સુધી શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે. આ સમગ્ર પ્રક્રિયાનો હેતુ પાલિકાના વહીવટમાં શિસ્ત અને પારદર્શિતા લાવવાનો છે તેમ જાણવામાં આવી રહ્યું છે.

ઝળહળતા સિતારા

શ્રી ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર, સુરત

સંચાલિત શેઠશ્રી વી. એચ. લખી વિદ્યાસંકુલ

કર્મવીર સાંકળચંદ કાળીદાસ પટેલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય (KSKP)

ઝળહળતા સિતારા

ધો. 12 (H.S.C.) SCIENCE નું શ્રેષ્ઠ પરિણામ વર્ષ : 2025-2026

શાળાનું પરિણામ : 100% A1 & A2 : Total : 20 વિદ્યાર્થીઓ

ધો. 12 (H.S.C.) COMMERCE નું શ્રેષ્ઠ પરિણામ વર્ષ : 2025-2026

શાળાનું પરિણામ : 99.44% A1 & A2 : Total : 38 વિદ્યાર્થીઓ



વિષયવાર ટકાવારી %

SEC. PRACTICE	100%
ECONOMICS	100%
GUJARATI	100%
STATISTICS	99.44%
ENGLISH	100%
ELE. OF ACCOUNTS	100%
ORG. OF COMMERCE	100%
COMPUTER	99.44%

ધો. 10 (S.S.C.) નું શ્રેષ્ઠ પરિણામ વર્ષ : 2025-2026

શાળાનું પરિણામ : 97.09% A1 & A2 : Total : 77 વિદ્યાર્થીઓ

શાળાની લાક્ષણિકતાઓ

- દરેક વિષયના નિષ્ણાંત અનુભવી શિક્ષકો દ્વારા શિક્ષણ
- વિકલી ટેસ્ટનું આયોજન
- વિદ્યાર્થીઓના અભ્યાસ અંગે વાલીઓ સાથે સતત સંપર્ક
- AC વર્ગ ખંડોની સુવિધા
- શાળાનું બિલ્ડીંગ તેમજ કેમ્પસ CCTV સુવિધાથી સુસજ્જ

ધો. ૧ થી ૧૨ (સાયન્સ/કોમર્સ) માં પ્રવેશકાર્ય શરૂ

કાર્યાલયનો સમય : બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦

Ph. 9825345848, 9913417252, 9824366500

શ્રી પી.બી. પટેલ, પ્રમુખશ્રી | કે. એન. પટેલ, મંત્રીશ્રી | શ્રી ચેલાભાઈ પટેલ, શિ. સમિતિ કન્વીનરશ્રી | શ્રીમતી રેશ્મા એમ. પટેલ (M.Sc. M.Ed.), આચાર્યાશ્રી (પ્રા.વિ./ મા.વિ./ ઉ.મા.વિ.)

અભિનંદન